# Media coverage about received ICSSR Research Project grant (10 April 2025)



સરદાર ગુર્જરી

# ICSSR દ્વારા સ.પ.યુનિ.ના પાંચ પ્રતિભાશાળી અધ્યાપકોના ૩૨ લાખના પ્રોજેક્ટ મંજૂર

## ગ્રાન્ટ મેળવનાર અધ્યાપકો પોતાના વિષયક્ષેત્રમાં મહત્વપૂર્ણ સંશોધન કરશે, જે સમાજને ઉપયોગી થશે

ડો.ભૂમિકા બારોટ | ડો.મેઘના વ્યાસ | ડો.વસંત પટેલ | ડો.કોમલ પટેલ | ડો.અલ્કા મેકવાન

આણંદ, તા.૯

વિદ્યાનગર સ્થિત સ.પ.યુનિ.ના પાંચ પ્રતિભાશાળી અધ્યાપકોને ભારતીય સામાજીક વિજ્ઞાન સંશોધન પરિષદ દ્વારા માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે કુલ ૩૨ લાખ જેટલી ગ્રાન્ટ એનાયત કરવામાં આવી છે. જેમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના ડો.અલ્કા મેકવાન અને ડો.ભૂમિકા બારોટને સંયુક્ત રીતે ૯ લાખ, ગ્રંથાલય વિભાગના ડો.મેઘના વ્યાસને ૬.૫૦ લાખ, ઇતિહાસ વિભાગના ડો.વસંત પટેલને ૮ લાખ અને હોમ સાયન્સ વિભાગના ડો.કોમલ પટેલને ૮.૩૦ લાખ પ્રાપ્ત થયા છે.

ડો.અલ્કા મેકવાન અને ડો.ભૂમિકા બારોટ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ગુજરાત રાજ્યના અધ્યાપકો એનઈપી ૨૦૨૦માં ડીજીટલ લર્નિંગ સંદર્ભે કેટલા તૈયાર છે તથા તેમના પ્રત્યક્ષીકરણ આ સંદર્ભે કેવા છે તે સંદર્ભે સંશોધન કરશે. ડો.મેઘના વ્યાસ તેમના સંશોધનમાં ભારતના સામાજીક વિજ્ઞાન સંશોધકોની જર્નલોમાં ઉપસ્થિતિ, તેમના સંશોધનનો વ્યાપ, પ્રભાવ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

ડો.વસંત પટેલ પોરબંદર, જુનાગઢ અને તેની આસપાસમાં વસવાટ કરતી મેર જ્ઞાતિ પર વિશેષ અભ્યાસ કરી તેમની સંસ્કૃતિ, કળા, ભાષા, વેશભૂષા તેમજ તેમની રાષ્ટ્રભાવનાને ઉજાગર કરી મેર સમાજની પરંપરાને રાષ્ટ્રીય કક્ષાએ ઉજાગર કરશે. ડો.કોમલ પટેલ તમાકુની ખેતીમાં કાર્યરત મહિલાઓને થતી કાર્ય સંબંધિત કંકાલ-સ્નાયુતંત્રની બિમારીઓ અને તેમના આરોગ્ય પર પડતા શારીરિક-માનસિક અસરોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરશે. સમગ્ર યુનિવર્સિટી પરિવારે તમામ અધ્યાપકોને અભિનંદન અને તેમના ભાવિ સંશોધન માટે શુભકામનાઓ પાઠવી હતી.



દિવ્ય સ...

ગુરૂવાર 10.04.2025

# સરદાર પટેલ યુનિવર્સિટીના પાંચ અધ્યાપકોને ICSSR દ્વારા ૩૨ લાખના સંશોધન પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા

Alka Mecvan | Bhumika Barot | Komal Patel | Meghana Vyas | Vasant Patel

આણંદ, તા.૯

સરદાર પટેલ યુનિવર્સિટીના પાંચ પ્રતિભાશાળી અધ્યાપકોને ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ (ICSSR) દ્વારા માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે કુલ ૩૨ લાખ જેટલી ગ્રાન્ટ એનાયત કરવામાં આવી છે. જેમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના ડો. અલ્કા મેકવાન અને ડો. ભૂમિકા બરોટને સંયુક્ત રીતે રૂ.૯૦૦૦૦૦, ગ્રંથાલય વિભાગના ડો. મેઘના વ્યાસને રૂ.૬૫૦૦૦૦, ઇતિહાસ વિભાગના ડો. વસંત પટેલને રૂ. ૮૦૦૦૦૦ અને હોમ સાયન્સ વિભાગના ડો. કોમલ પટેલને રૂ. ૮૩૦૦૦૦ રૂપિયા પ્રાપ્ત થયા છે.

તેઓને મળેલા પ્રોજેક્ટ અંતર્ગત ડો. અલ્કા મેકવાન અને ડો. ભૂમિકા બારોટ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજ્યના અધ્યાપકો NEP ૨૦૨૦ માં ડીજીટલ લર્નિંગ સંદર્ભે કેટલા તૈયાર છે તથા તેમના પ્રત્યક્ષીકરણ આ સંદર્ભે કેવા છે એ સંદર્ભે સંશોધન કરશે.

ડો. મેઘના વ્યાસ તેમના સંશોધનમાં ભારતના સામાજિક વિજ્ઞાન સંશોધકોનીજર્નલોમાં ઉપસ્થિતિ, તેમના સંશોધનનો વ્યાપ, પ્રભાવ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ અભ્યાસ ભવિષ્યમાં સામાજિક વિજ્ઞાન ક્ષેત્ર માટે દિશા બનાવશે.

ડો. વસંત પટેલ તેમના સંશોધનમાં ગુજરાતનાં પોરબંદર, જુનાગઢ અને તેની આસપાસમાં વસવાટ કરતી મેર જ્ઞાતિ પર વિશેષ અભ્યાસ કરી તેનીસંસ્કૃતિ, કળા, ભાષા, ભૂષા તેમજ તેમની રાષ્ટ્રભાવનાને ઉજાગર કરી મેર સમાજની ગૌરવશાળી પરંપરાને રાષ્ટ્રીય કક્ષાએ ઉજાગર કરશે.

ડો. કોમલ પટેલતેમના સંશોધનમાં તમાકુની ખેતીમાં કાર્યરત મહિલાઓને થતી કાર્ય સંબંધિત કંકાળ-સ્નાયુતંત્રની બીમારીઓ (Work-related Musculoskel"al Disorders - WMSDs) તથા તેમના આરોગ્ય પર પડતા શારીરિક અને માનસિક અસરોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરશે. આ સંશોધન દ્વારા તમાકુની ખેતીમાં કાર્યરત મહિલાઓના જીવનમાં પડતી મુશ્કેલીઓનો ઉકેલ આવશે અને તેમના ભવિષ્યને વધુ સુરક્ષિત, સ્વસ્થ અને સક્ષમ બનાવશે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલે જણાવ્યું હતું કે, સરદાર પટેલ યુનિવર્સિટીમાં સંશોધન માટે પ્રાધ્યાપકોને વિશેષ સુવિધા મળે તે માટે સતત પ્રયત્ન કરવાં આવી રહ્યા છે. ગત વર્ષે જ્યારે ICSSR માંથી માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે દરખાસ્ત મંગાવવામાં આવી હતી ત્યારે અધ્યાપકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી આ સંશોધન ગ્રાન્ટ માટે અરજી કરાવવામાં આવી હતી. જેમાંથી અમારી યુનિવર્સિટીના પાંચ અધ્યાપકોને કુલ ૩૧.૮૦ લાખ જેટલી માતબાર રકમ સંશોધન માટે મંજૂર કરેલી છે. આ અધ્યાપકો પોતાના વિષયક્ષેત્રમાં મહત્વપૂર્ણ સંશોધન કરશે, જેના પરિણામો યુનિવર્સિટી અને સમાજ માટે ઉપયોગી થશે. યુનિવર્સિટી પરિવારે તમામ અધ્યાપકોને અભિનંદન અને તેમના ભાવિ સંશોધન માટે શુભકામનાઓ પાઠવી છે.

# સ.પ.યુનિ.ના પાંચ અધ્યાપકોના ૩૨ લાખના સંશોધન પ્રોજેક્ટ મંજૂર



સરદાર પટેલ યુનિવર્સિટીના પાંચ પ્રતિભાશાળી અધ્યાપકોને ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ (ICSSR) દ્વારા માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે કુલ ૩૨ લાખ જેટલી ગ્રાન્ટ એનાયત કરવામાં આવી છે. જેમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના ડો. અલ્કા મેકવાન અને ડો. ભૂમિકા બારોટને સંયુક્ત રીતે રૂ.૯૦૦૦૦૦, ગ્રંથાલય વિભાગના ડો. મેઘના વ્યાસને રૂ.૬૫૦૦૦૦, ઈતિહાસ વિભાગના ડો. વસંત પટેલને રૂ. ૮૦૦૦૦૦ અને હોમ સાયન્સ વિભાગના ડો. કોમલ પટેલને રૂા. ૮૩૦૦૦૦ રૂપિયા પ્રાપ્ત થયા છે. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલે જણાવ્યું હતું કે, સરદાર પટેલ યુનિવર્સિટીમાં સંશોધન માટે પ્રાધ્યાપકોને વિશેષ સુવિધા મળે તે માટે સતત પ્રયત્ન કરવાં આવી રહ્યા છે. ગત વર્ષે જ્યારે ઈંઈજ્જી માંથી માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે દરખાસ્ત મંગાવવામાં આવી હતી ત્યારે અધ્યાપકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી આ સંશોધન ગ્રાન્ટ માટે અરજી કરાવવામાં આવી હતી. જેમાંથી અમારી યુનિવર્સિટીના પાંચ અધ્યાપકોને કુલ ૩૧.૮૦ લાખ જેટલી માતબાર રકમ સંશોધન માટે મંજૂર કરેલી છે.

દિવ્ય ભાસ્કર ચરોત્તર-આણંદ ભાસ્કર 10-04-2025

હાશ થઈ હતી.

**પ્રોત્સાહન** | ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ દ્વારા પહેલ

# એસપી યુનિ.ના પાંચ પ્રોફેસરોને સંશોધન માટે 32 લાખની ગ્રાન્ટ

## મેર જ્ઞાતિની સંસ્કૃતિ, તમાકુની ખેતીથી થતી બીમારી પરના સંશોધનને વેગ મળશે

ભાસ્કર ન્યૂઝ | આણંદ

એસ પી યુનિ.ના પાંચ પ્રતિભાશાળી અધ્યાપકોને ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ (ICSSR) દ્વારા માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે કુલ 32 લાખ જેટલી ગ્રાન્ટ એનાયત કરાઈ છે. જેમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના ડૉ. અલ્કા મેકવાન અને ડૉ. ભૂમિકા બારોટને સંયુક્ત રીતે 9 લાખ, ગ્રંથાલય વિભાગના ડૉ. મેઘના વ્યાસને 6.50 લાખ ઈતિહાસ વિભાગના ડૉ. વસંત પટેલને 8 લાખ અને હોમ સાયન્સ વિભાગના ડૉ. કોમલપટેલને રૂા. 8.30 લાખમળી છે.

પ્રોજેક્ટ અંતર્ગત ડૉ. અલ્કા મેકવાન અને ડૉ. ભૂમિકા બારોટ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજ્યના અધ્યાપકો NEP 2020 માં ડિજીટલ લર્નિંગ સંદર્ભે કેટલા તૈયાર છે તથા તેમના પ્રત્યક્ષીકરણ આ સંદર્ભે કેવા છે એ સંદર્ભે સંશોધન કરશે. ડૉ. મેઘના વ્યાસ તેમના સંશોધનમાં ભારતના સામાજિક વિજ્ઞાન સંશોધકોની જર્નલોમાં ઉપસ્થિતિ, તેમના સંશોધનનો વ્યાપ, પ્રભાવ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરાશે. આ અભ્યાસ ભવિષ્યમાં સામાજિક વિજ્ઞાન ક્ષેત્ર માટે દિશા બતાવશે. ડૉ. વસંત પટેલ તેમના સંશોધનમાં ગુજરાતનાં પોરબંદર, જૂનાગઢ અને તેની આસપાસમાં વસવાટ કરતી મેર જ્ઞાતિ પર વિશેષ અભ્યાસ કરી તેની સંસ્કૃતિ, કળા, ભાષા, ભૂષા તેમજ તેમની રાષ્ટ્રભાવનાને ઉજાગર કરી મેર સમાજની ગૌરવશાળી પરંપરાને રાષ્ટ્રીય કક્ષાએ ઉજાગર કરશે. ડૉ. કોમલ પટેલ તેમના સંશોધનમાં તમાકુની ખેતીમાં કાર્યરત મહિલાઓને થતી કાર્ય સંબંધિત કંકાળ-સ્નાયુતંત્રની બીમારીઓ તથા તેમના આરોગ્ય પર પડતા શારીરિક અને માનસિક અસરોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરશે. આ સંશોધન દ્વારા તમાકુની ખેતીમાં કાર્યરત મહિલાઓના જીવનમાં પડતી મુશ્કેલીઓનો ઉકેલ આવશે અને તેમના ભવિષ્યને વધુ સુરક્ષિત, સ્વસ્થ અને સક્ષમ બનાવશે.

# Felicitation by Sardar Patel University on Patent Publication (1-5-2024

## સરદાર પટેલ યુનિવર્સિટીનાપેટન્ટ મેળવનાર અધ્યાપક, ટેકનિકલ સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સૌ પ્રથમ વખત સત્કાર સમારોહયોજાયો

આણંદ, તા. ૨

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં તારીખ ૧ મે ૨૦૨૪ ના રોજ યુનિવર્સિટીમાં કામ કરતા અધ્યાપકો, ટેકનિકલ સ્ટાફ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સૌ પ્રથમ વખત સત્કાર સમારોહયોજવામાં આવ્યો હતો.

જેમાં કુલ આઠ લોકોને ૧૧ હજાર રોકડ રકમ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઇકોનોમિક્સ ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વડા ડો. મહેશ પાઠક ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનપટેલ, કુલસચિવ ડો. ભાઈલાલભાઈ પટેલ, કાર્યક્રમના કોઓર્ડિનેટર ડો. કોમલ વ્યાસ અને યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

### સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી IAS,IFS, IPSની પરીક્ષામાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીને ડો. મહેશ પાઠક દ્વારા રૂ. એક લાખ અપાશે



ડૉ. મહેશ પાઠકે પોતાના વિચાર રજૂ કરતાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં આ પ્રકારનું કાર્ય યુનિવર્સિટી દ્વારા થયું નથી. આ કાર્યને બિરદાવ્યું હતું.

પ્રો. ડૉ. નિરંજન પટેલએ પેટન્ટ મેળવેલી વ્યક્તિને શુભેચ્છાઓ પાઠવી હતી અને આગામી સમયમાં વિશ્વ વિદ્યાલયનો વિકાસ કઈ રીતે કરી શકાય એ અંગે સાથે મળી કાર્ય કરીશું એની વાત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ ડો. ભાઈલાલભાઈ પટેલે કરી હતી.

ગુરૂવાર, તા. ૨ મે

## સ.પ. યુનિવર્સિટીના લાયબ્રેરી વિભાગની સ્માર્ટ બૂક ટ્રેકરની પેટન્ટ ફાઈલ થઈ

આણંદ, તા.૧

સરદાર પટેલ યુનિ.ના લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિભાગના વડા અને તેની ટીમના સહિયારા પ્રયાસથી સ્માર્ટબુક ટ્રેકર નામની પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે.

### પુસ્તકો પર સ્માર્ટ ટેગ લગાવી તેને સરળતાથી ટ્રેક કરી શકાશે

આ પેટન્ટનું નામ SMART BOOK TRACKER: AN IOT-BASED SOLUTION FOR MISPLACED BOOKS IN LIBRARIES છે. જે ભારત સરકારની The official Journal of the Patent Officeમાં પ્રકાશિત કરવામાં આવી હતી. સ.પ.યુનિ.ના લાયબ્રેરી એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ વિભાગની ૧૯૮૨માં સ્થાપના થઈ, ત્યારની આ વિભાગની આ પહેલી પેટન્ટ છે.

પેટન્ટ અંગે વિભાગના વડા ડૉ. મેઘના વ્યાસે જણાવ્યું હતું કે, હાલના સમયમાં મોટી લાયબ્રેરી, જેવી કે ભાઈકાકા લાયબ્રેરી, હંસા મેહતા લાયબ્રેરી કે જ્યાં વાચકો બહોળી સંખ્યામાં આવતા હોય છે અને ત્યાં પુસ્તકોનો સંગ્રહ પણ ખુબ વિશાળ હોવાથી પુસ્તક યોગ્ય સ્થાનેથી ઝડપથી મળી રહે તે ખુબ જરૂરી હોય છે.

વધુમાં ઉમેર્યું હતું કે, હાલના સમયમાં લાયબ્રેરીઓમાં વર્ગીકરણ પધ્ધતિ પ્રમાણે પુસ્તકની ગોઠવણ થતી હોય છે પરંતુ વાચક જે-તે પુસ્તક તેની મૂળ જગ્યાએ મુકતા નથી અને તેના કારણે પુસ્તકો ફરીથી શોધતી વખતે મુશ્કેલીઓ પડતી હોય છે. આ મુશ્કેલીઓથી બચવા માટે સ્માર્ટ બુક ટ્રેકર ટૂલ્સની આવશ્યકતા હોય છે.

લાઈબ્રેરીમાંના દરેક પુસ્તકો પર સ્માર્ટ ટેગ લગાવવામાં આવે તો જો પુસ્તક તેના મૂળ સ્થાને નહીં હોય તો તેની જાણકારી લાયબ્રેરી સ્ટાફને સરળતાથી મળી રહેશે અને પુસ્તકના સ્થાનને પણ સરળતાથી ટ્રેક કરી શકાશે.

ઉપરાંત જો કોઈ વ્યક્તિ પુસ્તકને ઈસ્યુ કરાવ્યા વિના લઈ જશે તો પણ તેની જાણકારી મળી રહેશે. જેથી પુસ્તક ચોરી થતાં પણ બચી શકશે.

### વિદ્યાનગરમાં રન ફોર વોટ કેમ્પેઈન યોજાશે

આણંદ: વલ્લભ વિદ્યાનગર

**Students studying in the Department of Library and Information Science of Sardar Patel University have been sent for 1 month rotatory internship every year through the department for the purpose of imparting skill enhancement education in view of National Education Policy 2020. The students were trained as interns by Vikram Sarabhai Library of Gujarat's world-famous educational institute Indian Institute of Management-Ahmedabad (IIMA), Baroda's famous Smt. Hansa Mehta Library of The Maharaja Sayajirao University (MSU) and Ravi Mathai Library of Institute of Rural Management Anand (IRMA), a leading institute in rural management. The main purpose of the rotatory internship is to provide training to gain thorough knowledge of the various housekeeping functions of the library, the services provided by the library, digitization process, OER, the various information communication technology devices used by the library, and the behaviour and interaction of the library staff with the users of the library. (27 June 2023)**



લોકસત્તા જનસત્તા — ચરોતર-અર્થકારણ — 09

## નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત

## એસપી. યુનિ. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ થકી કૌશલ કુશળતા

આણંદ, તા. ૨૬

નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ ને ધ્યાનમાં રાખીને કૌશલ્યવર્ધક શિક્ષણ મળીરહે તે હેતુથી સરદાર પટેલ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને, વિભાગ મારફતે ૧ મહિનાની, મે ૨૦૨૩ થી જૂન ૨૦૨૩ દરમિયાન ઈન્ટર્નશિપ માટે મોકલવામાં આવેલ. વિદ્યાર્થીઓ ગુજરાતની વિશ્વ પ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ—અમદાવાદની વિક્રમ સારાભાઈ લાઈબ્રેરી, બરોડાની પ્રસિધ્ધ ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની શ્રીમતી હંસા મેહતા લાઈબ્રેરી અને રૂરલ મેનેજમેન્ટમાં અગ્રેસર સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (ઈરમાં)ની રવિ મથાઈ લાઈબ્રેરી દ્વારા વિદ્યાર્થીઓને ઈંટર્ન્સ તરીકે તાલીમ આપવામાં આવી હતી. ઈન્ટરનશીપનો મુખ્ય હેતુ ગ્રંથાલયના વિવિધ હાઉસકીપીંગ કાર્યો, ગ્રંથાલય દ્વારા અપાતી સેવાઓ, ગ્રંથાલય દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા માહિતી કમ્યુનિકેશન ટેકનોલોજીના વિવિધ ઉપકરણો અને ગ્રંથાલયના ઉપભોક્તા સાથે ગ્રંથાલયના કર્મચારીઓની વર્તણૂક અને વ્યવહારની સંપૂર્ણ જાણકારી મેળવવા માટે પ્રશિક્ષણ પૂરું પાડવું. તાલીમ બાદ દરેક વિદ્યાર્થીઓને જે-તે સંસ્થા દ્વારા સર્ટિફિકેટ પણ ઈસ્યુ કરવામાં આવ્યા. સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા વૈશ્વિક ક્ષેત્રે જરૂરી કુશળતા (સ્કિલ) પ્રાપ્ત થાય તે હેતુથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

**Media coverage of National Reading Day celebrated by Department of Library and Information Science, Sardar Patel University (26 June 2023)**



# સ.પ. યુનિ.ના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા નેશનલ રીડિંગ ડેની ઉજવણી



આણંદ, તા. ૨૩

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા નેશનલ રીડિંગ ડે ની ઉજવણી નિમિતે જીવનમાં વાંચનનું મહત્વ વિશે વ્યાખ્યાન યોજાયું હતું તથા સરદાર પટેલ ઉપર લખાયેલ પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓ દ્વારા પેસેજ રીડિંગ કરાયું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અધ્યક્ષા ડૉ. મેઘના વ્યાસે આવકાર પ્રવચન કરી નેશનલ રીડિંગ ડે વિશેની માહિતી આપી

સરદાર પટેલ યુનિવર્સિટીના કા.કુલપતિ પ્રો. ડૉ. નિરંજનભાઈ પટેલ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે નેશનલ રીડિંગ ડે ની ઉજવણી સ.પ. યુનિવર્સિટીમાં પ્રથમ વખત થઈ રહી છે અને આ શરૂઆત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા કરવામા આવી તે માટે હર્ષની લાગણી અનુભવતા વિભાગના અધ્યક્ષને અભિનંદન પાઠવ્યા હતાં.

કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. નરેશ વેદએ વાંચનની જરૂરિયાત શું છે પદ્ધતિસરનું વાંચન કેવી રીતે કરાય કેવું વાંચન કરવું અને યોગ્ય પ્રકારના વાંચનથી વ્યક્તિને શું લાભ છે, તે વિશે વાત કરી હતી. ઈતિહાસ વિભાગના ડૉ. હેમંત દવેએ પ્રસ્તુત થયેલ પઠન અને નવી પેઢીમાં વાંચનની આદતનો વિકાસ કેવી રીતે કરવો તે વિશે તેમના વિચારો રજુ કર્યા હતાં.

**Students and faculty members also visited to Public Library at Anand.**

**It was fruitful experience for all participants. (18 Jan 2023)**

# આણંદ સાર્વજનિક પુસ્તકાલયની સ.પ. યુનિ. લાયબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી




**આણંદ, તા. ૨૦**

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના લાયબ્રેરી સાયન્સના બી.લીબ.-એમ.લીબ. ના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી ટીચર્સે આણંદની જૂની પ્રતિષ્ઠિત અને ગુજરાત સરકાર તરફથી બેસ્ટ લાયબ્રેરીનો એવોર્ડ મેળવનાર અને ઈ.સ. ૧૯૩૫માં સ્થપાયેલી સાર્વજનિક પુસ્તકાલય, આણંદની શૈક્ષણિક મુલાકાત તાજેતરમાં લીધી હતી.

આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી ડૉ. આર.પી.પટેલે સંસ્થાના ઉદ્ભવ-વિકાસની તથા ભૌતિક સુવિધાનો વિગતે પરિચય આપ્યો હતો. કર્મચારી ભાસ્કર દવે, પઢિયાર તથા હસમુખભાઈએ લાયબ્રેરીના વિવિધ વિભાગોની તથા હસ્તપ્રતો અલભ્ય પુસ્તકો-સામયિકો, કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ વગેરેનું પ્રત્યક્ષ નિદર્શન સાથે સમજ આપી હતી.

યુનિ. લાયબ્રેરી સાયન્સ વિભાગના વડા ડૉ. નિમેષભાઈ ઓઝાના નિર્દેશન હેઠળ વિભાગના અધ્યાપકો ડૉ. જિજ્ઞેશ મકવાણા, ડૉ. લવજીભાઈ ઝાલા અને ડૉ. મેઘના વ્યાસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બેનોએ ઉપસ્થિત રહી સંસ્થાનો પરિચય અને તેની પ્રક્રિયાની જાણકારી મેળવી હતી.

**The Book Release and Discussion Event with special invited lecture organized by P.G. Department of Library and Information Science at Sardar Patel University on 30th January 2023.(30 Jan. 2023)**

### ગુજરાતી ભાષામાં અને દેશની અન્ય પ્રાદેશિક ભાષામાં ડિજિટલ ગ્રંથાલયનું મોડલ રજૂ કરતું પુસ્તકનું વિમોચન

# ગ્રંથાલય - માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકો સુચારું સંચાલન જેવા પ્રશ્નોને ઉકેલવા પહેલ કરે તે જરૂરી : ડૉ. નિરંજન પટેલ

આણંદ,તા.૧

સરદાર પટેલ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, વલ્લભ વિદ્યાનગર દ્વારા પુસ્તક વિમોચન તથા આઈ. એ પ ટેલ (શેરથા) વિઝિટિંગ પ્રોફેસર સ્કીમ અંતર્ગત ખાસ આમંત્રિત વ્યાખ્યાનનો એક કાર્યક્રમ એમ. પી પટેલ ઓડીટોરિયમ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજર રહેલા તમામ મહાનુભાવોનો પરિચય ડૉ. શિશિર માંડલિયાએ (એસોશિએટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ) આપ્યો હતો. ડૉ. લવજી એન. ઝાલા દ્વારા લખાયેલ પુસ્તક "ડિજિટલ લાઈબ્રેરી ઈન વર્નાક્યુલર લેંગ્વેજઃ કેસ સ્ટડી એન્ડ સજેસ્ટેડ મોડલ"નું બધા મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકની વિશેષતા વિષે ચર્ચા કરતાં ડૉ. લવજી ઝાલાએ જણાવ્યુ હતું કે સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ અને ઉત્થાન માટે વિપુલ પ્રમાણમાં માહિતી ઓનલાઈન માધ્યમ દ્વારા ઉપલબ્ધ કરાવી છે જ્યારે સામે પ ક્ષે આમજનતાને સરકારી માહિતીની ખાસ જરૂર છે પરંતુ આ માહિતી ક્યાં છે તેની ખબર નથી. આ સમસ્યાના ઉકેલ માટે ગુજરાત સરકારની ૨૭૦ સરકારી સંસ્થાઓ (વિભાગો, પ્રભાગો, બોર્ડ, નિગમ, વગેરે)ની વેબસાઈટનો અભ્યાસ કર્યો. આ ૨૭૦ સંસ્થાઓમાંથી ૧૧૯ સરકારી સંસ્થાઓની વેબસાઈટ પર ૨૩૦૦૦ કરતાં વધારે સરકારી ઠરાવો, સરકારી પરિપત્રો અને સરકારી જાહેરનામાની માહિતી એક જ જગ્યાએ એકત્ર કરી સામાન્ય જનતા વાંચી શકે, સમજી શકે અને જરૂર હોય તે માહિતીનો એક્સેસ કરી શકે તે માટે ગુજરાતી ભાષામાં ડિજિટલ લાઈબ્રેરી કેવી રીતે બનાવવી તેનું કાર્યાત્મક મોડલની આ પુસ્તકમાં ઊંડાણપૂર્વકની ચર્ચા કરવામાં આવી છે. હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા પ્રોફ. (ડૉ) નિરંજનભાઈ પટેલે જણાવ્યુ હતું કે આજે દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલ થવાનું શરૂ થઈ ગયું છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત માતૃભાષામાં શિક્ષણને આગવું મહત્વ આપ્યું હોય તેવા સંજોગોમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકો સરકાર અને સમાજની માહિતીની માંગ, પ્રસાર, પ્રચાર, સુચારું સંચાલનં જેવા પ્રશ્નોને ઉકેલવા પહેલ કરે તે ખરેખર પ્રસંશાને પાત્ર છે. તેમણે એ પણ ટકોર કરી હતી કે રાષ્ટ્રના વિકાસ માટે દરેક વ્યક્તિ પોતાના જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરી સરકારને મદદરૂપ બનશે તો તેનો સીધે સીધો લાભ આમ જનતા સુધી પહોંચશે.

અંતમાં ડૉ. લવજી ઝાલાએ હાજર રહેલા તમામ મહાનુભવો અને શ્રોતાગણનો આભાર વ્યક્ત કર્યો હતો.આ સમગ્ર કાર્યક્રમના સંચાલનની સફળ જવાબદારી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના સંશોધક રાજીવ પટેલે નિભાવી હતી.

# રાજ્ય સરકારના 23000થી વધુ દસ્તાવેજ પ્રાદેશિક ભાષામાં એક જ જગ્યાએ મળશે

**» S.P. યુનિવર્સિટીના મદદનીશ પ્રાધ્યાપક દ્વારા ડિજિટલ લાઇબ્રેરી ઈન વર્નાક્યુલર લેંગ્વેજ: કેસ સ્ટડી એન્ડ સજેસ્ટેડ મોડલ" વિશે લખાયેલા પુસ્તકનું વિમોચન**



**નવગુજરાત સમય > આણંદ**

ગુજરાત સરકારના ૨૬ વિભાગના ૨૩૦૦૦ કરતાં વધારે દસ્તાવેજ પ્રાદેશિક ભાષામાં એક જ જગ્યાએ મળશે, જેની માટે સરદાર પટેલ યુનિવર્સિટીના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.લવજી ઝાલાએ એક નવું પ્લેટફોર્મ તૈયાર કર્યું છે. જેમાં સરકારની ૧૧૯ જેટલી વિવિધ સરકારી સંસ્થાઓ જેવી કે વિભાગ, પ્રભાગ, બોર્ડ, નિગમ અને અન્ય સરકારી સંસ્થાઓની વેબસાઈટ પરથી દસ્તાવેજો મેળવીને એક જ પ્લેટફોર્મ હેઠળ મુકીને તૈયાર કરાયેલ પુસ્તક ડિજિટલ લાઇબ્રેરી ઈન વર્નાક્યુલર લેંગ્વેજ: કેસ સ્ટડી એન્ડ સજેસ્ટેડ મોડલનું વિમોચન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.લવજી ઝાલાએ જણાવ્યુ હતું કે સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ અને ઉત્થાન માટે વિપુલ પ્રમાણમાં માહિતી ઓનલાઈન માધ્યમ દ્વારા ઉપલબ્ધ કરાવી છે જ્યારે સામે પક્ષે આમજનતાને સરકારી માહિતીની ખાસ જરૂર છે પરંતુ આ માહિતી ક્યાં છે તેની ખબર નથી. આ સમસ્યાના ઉકેલ માટે ગુજરાત સરકારની ૨૭૦ સરકારી સંસ્થાઓ (વિભાગો, પ્રભાગો, બોર્ડ, નિગમ, વગેરે)ની વેબસાઈટનો અભ્યાસ કર્યો. આ ૨૭૦ સંસ્થાઓમાંથી ૧૧૯ સરકારી સંસ્થાઓની વેબસાઈટ પર ૨૩૦૦૦ કરતાં વધારે સરકારી ઠરાવો, સરકારી પરિપત્રો અને સરકારી જાહેરનામાની માહિતી એક જ જગ્યાએ એકત્ર કરી સામાન્ય જનતા વાંચી શકે, સમજી શકે અને જરૂર હોય તે માહિતીનો એક્સેસ કરી શકે તે માટે ગુજરાતી ભાષામાં ડિજિટલ લાઇબ્રેરી કેવી રીતે બનાવવી તે વિશેના કાર્યાત્મક મોડલની આ પુસ્તકમાં ઊંડાણપૂર્વકની ચર્ચા કરવામાં આવી છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન એક ડિસિપ્લિન તરીકે સરકાર અને સમાજને એક જ પ્લેટફોર્મ પર લાવી માહિતીના પ્રચાર અને પ્રસાર માટે મધ્યસ્થી તરીકેની ભૂમિકા કેવી રીતે ભજવી શકે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. જો કે ગુજરાત સરકારની પરવાનગી મળશે ત્યારબાદ આ ડિજિટલ ગ્રંથાલય નજીકના ભવિષ્યમાં જાહેર જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવશે. માઈકા-મીમીના સલાહકાર ડૉ.શૈલેષ યાજ્ઞિકે જણાવ્યુ હતું કે ડૉ.ઝાલા દ્વારા તૈયાર કરેલ ડિજિટલ ગ્રંથાલય દરેકને ઉપયોગી થશે સાથે સાથે ભારત દેશમાં વિવિધ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો પણ તેમની પ્રાદેશિક ભાષામાં પ્રકાશિત થયેલ કાનૂની, વહીવટી અને બંધારણીય પ્રલેખો કે જે સમાજના દરેક વર્ગને ઉપયોગી છે તેવા પ્રલેખોની ડિજિટલ લાઇબ્રેરી બનાવવા આ પુસ્તક ખૂબ જ ઉપયોગી નીવડશે.

અધ્યક્ષપદેથી સરદાર પટેલ યુનિ.ના વાઈસ ચાન્સેલર પ્રો.નિરંજન પટેલે જણાવ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત માતૃભાષાંમાં શિક્ષણને આગવું મહત્વ આપ્યું હોય તેવા સંજોગોમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકો સરકાર અને સમાજની માહિતીની માંગ, પ્રસાર, પ્રચાર, સુચારું સંચાલનં જેવા પ્રશ્નોને ઉકેલવા પહેલ કરે તે ખરેખર પ્રસંશાને પાત્ર છે. આ પ્રસંગે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ.ભાઈલાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. યુજીસી ઈમેરિટ્સ પ્રોફેસર ઊર્મિલા ઠાકર અને ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો. પ્રયતકર કાનડિયાએ પ્રસંગોચિત પ્રવચન કર્યુ હતું. પ્રારંભમાં વિભાગના ડૉ.શિશિર માંડલિયાએ મહાનુભાવોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના સંચાલન રાજીવ પટેલે કર્યુ હતું.

## ગ્રીનસ્ટોન ડિજિટલ લાઈબ્રેરી સોફ્ટવેરનો ઉપયોગ કરાયો

ડૉ.લવજી ઝાલાએ જણાવ્યું કે ગ્રંથાલય માટે ન્યુઝીલેન્ડની વેકેટો યુનિવર્સિટીના ગ્રીનસ્ટોન ડિજિટલ લાઈબ્રેરી ઓપન સોર્સ સોફ્ટવેરનો ઉપયોગ કર્યો છે. જેની વિશેષતા એવી છે કે આ સોફ્ટવેર ગુજરાતી ભાષામાં સારું પરિણામ આપી શકે તે માટે આ સોફ્ટવેરના વિવિધ મોડ્યુલ્સની કુલ ૩૭૨૫ સ્ટ્રિંગસમાંથી ૨૩૪૫ એટલેકે ૬૩ ટકા સ્ટ્રિંગસનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ હોય આ સોફ્ટવેરના મોટાભાગના ફીચર્સનો ગુજરાતી ભાષામાં ડિજિટલ ગ્રંથાલય બનાવવા ઉપયોગ થાય છે.